Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.16

Impact Factor
Quarterly
July-Aug-Sep2023

## નારીવાદ : અર્થ અને વિભાવના

આરતી માછી

સૃષ્ટિના બે પૈડાં એક સ્ત્રી અને પુરૂષ એમ સમાજના વડીલો કહે છે અને એવું આપણે સાંભળ્યું છે. સ્ત્રી વગર પુરૂષનું અસ્તિત્વ પણ શક્ય નથી! તેમજ પુરૂષની દરેક જરૂરિયાતમાં સ્ત્રી આધારસ્તંભ રહી છે. તેના ઘણી નોંધ ઇતિહાસમાં મળે છે. નારીની પ્રશંસા વેદથી લઈને હાલના સાહિત્યમાં અને લોક મોઢે કહેવાયેલી છે. જેના અનુસંધાને જ આ રચનાની પ્રેરણા મળી છે. પરંતુ મારો મત નારીવાદ બાબતે થોડો જુદો હશે! કદાચ કોઈને ગમે અને ના પણ ગમે! એ બાબતે હું સ્વતંત્ર છું, હું પણ નારી છું એ ચોક્કસ છું. નારીવાદની વિભાવના આપવી એટલે નારીના ચરિત્ર પર સવાલ કરવો એવું હું પ્રથમ માનું છું. મને નથી લાગતું કે નર્મદ, દલપત કે ધૂમહેતુ, સ્નેહ રશ્મિ, સુન્દરમ કે ઉમાશંકર જોષી જેવા વિદ્વાન લોકોએ નારીવાદ કેન્દ્રી કોઇ લખાણ સ્પષ્ટ કર્યું હોય! હા સમસ્યા કેન્દ્રી હશે પણ નારીવાદી એટલે કે અબળા, અત્યાચારીત થયેલી, સમસ્યાઓથી પિડીત દર્શાવીને નારીની સ્વતંત્રતા બાબતે લખાણો હશે. પરંતુ સ્ત્રી પર કાયદેસરના હાલના લખાણના એટલે કે નારીવાદનાં લક્ષણો ધરાવતાં લખાણો નહિવત હતા અને તેમના લખાણો પર સમાજનો પ્રભાવ હતો. ગાંધીજી જેવા વ્યક્તિનો પ્રભાવ હતો. નારીવાદ એ પશ્ચિમમાંથી આવેલો ફક્ત હકની લડાઈમાંથી ઉભી થયેલી વિચારધારાની એક ખારા પાણીની રેતીમાંથી બનાવેલી એક ધરાશયી બિલ્ડીંગ છે, જેના પર મરામત કર્યા વિના છૂટકો નથી અને ક્યારે પડે એનો ભરોસો નથી. ભારતીય સંસ્કૃતિમાં નારીને દેવી તરીકે પૂજવાની પરંપરા છે અને બીજી બાજુ તેના શોષણની વાત ગળે ઉતરતી નથી એટલે પોતાના સાહિત્યને લોકોમાં લઇ જવા અથવા પૈસા કમાવા માટેની એક વાદનો પણ પ્રપંચ મુલવી શકાય. પરંતુ સાહિત્યમાં સ્ત્રી સારી અને પુરૂષ ખરાબ એમ કહેવ્યં જરાય વ્યાજબી નથી. કારણ કે મારી સંસ્કૃતિ અને મારા સંસ્કારો નારીને વંદન કરવાનું શીખવાડે છે. શોષણ કરવાનું નહિ! જેની વેલ્યુ પશ્ચિમમાં થતી નથી એટલે એવું ન માની લેવું કે ભારતમાં પણ નારી પર અત્યાચારો અને શોષણ થાય. એ પણ ધ્યાને લેવું પડે કે ભારત દેશ કર્મ અને પુનઃજન્મમાં માનનારો દેશ છે. પ્રારબ્ધમાં સ્થિર થયેલો છે એટલે પશ્ચિમમાંથી આવેલી નારીવાદી પરંપરા ગુજરાતી સાહિત્યમાં કેટલીક અસર પહોંચાડે છે. પણ તે આઝાદીના ૬૦ વર્ષ પછીના સાહિત્યમાં.

નારીવાદ શું છે, તેનો અર્થ શું છે તે જાણીએ.

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।**

**यत्र तास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः॥**

"જ્યાં નારીનું સન્માન થાય છે, ત્યાં દેવતા નિવાસ કરે છે, જ્યાં નારીનું સન્માન નથી થતું ત્યાં સર્વ ક્રિયા અને યજ્ઞાદિ ફળોનો નાથ થાય છે."[1]

પૃથ્વી પર માનવજીવન અસ્તિત્વમાં આવ્યું ત્યારથી માંડીને હાલ સુધી નારીની વિશેષ ભૂમિકા રહી છે. માનવ સર્જનની કૃતિ એટલે નારી, સ્ત્રી, મહિલા. ઈશ્વરનાં ઉત્કૃષ્ટ સર્જનમાનું એક સર્જન એટલે નારી-સ્ત્રી. માનવ અસ્તિત્વનું પરિબળ એટલે નારી. જેણે જીવનપર્યંત જગતને આપ્યું છે, તે સ્વરૂપમાં નારી હોય, માતા હોય, બહેન હોય, પુત્રી હોય, દાદી હોય વગેરે ભૂમિકામાં પોતાની ભૂમિકા ભજવતી જોવા મળે છે. શાસ્ત્રો અનુસાર તેમના બે શ્રેષ્ઠ ગુણોમાં ત્યાગ અને સહનશીલતા ઘણ દાખલાઓ અને વાર્તાઓ મળે છે.

આજના સમયમાં પુરૂષ સાથે નારીની જો તુલના કરીએ તો ઉત્કૃષ્ટ યોગદાન નારીનું છે. પરંતુ સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ એ વિચાર હજુ સુધી ગળથૂથીમાંથી ગયો નથી એટલે માનસિક રીતે સ્ત્રી સ્વીકાર્ય નથી એવું સાબિત થાય. પરંતુ બીજી બાબત એ પણ છે કે ફિલ્મ જગત, સોશોયલ મીડિયામાં, યૂ-ટ્યૂબ ઉપર, ઈન્સ્ટ્રાગ્રામ ઉપર નારીની સુંદરતાને જોવા લોકોને આકર્ષણ હોય છે. પછી એના અંગ જોવા માટે હોય, એના પોશાક માટે હોય, એના અલંકાર માટે હોય કે એની સુંદરતા માટે હોય એના માટે અસંખ્ય લાઈક, અસંખ્ય સબસ્ક્રાઈબર છે, ત્યારે કેમ સ્વીકાર્ય છે, એ મારે મન એ મોટો પ્રશ્ન છે.

નારીની વિભાવના આપવી એ ઘણું મનોમંથન માંગી લે છે કારણ કે નારી પાત્ર આ પૃથ્વી પર આજનું નથી. જેના સર્જનથી આ દુનિયા ચાલે છે, એનું બીજું રૂપ એટલે નારી પણ સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં જ્યારે વાત કરવાની આવે ત્યારે તેના માટે સિમિત માધ્યમો બંધાઈ જાય છે. અને તે માધ્યમોને/પરિબળોને આધારે જ્યારે વ્યાખ્યા કે વિભાવના બતાવવાની થાય ત્યારે વ્યક્તિ માટી વિશ્વમાનવી તરીકે વિચારવું પડે. ત્યારે ચોક્કસ શબ્દોમાં તેની ઓળખ અનિવાર્ય રીતે આપવી પડે એ દરેક સંશોધક માટે સહજ વાત થઈ પડે. બસ એજ ફરજ મારા માટે થઈ, પરંતુ વિવિધ વિવેચકો, ગ્રંથો અને શબ્દોના માધ્યમથી નારીવાદની વિભાવનાને મૂલવવાનો આ પ્રયત્ન નારી માટે એક વિશાળ સંકુલને ખોલી દે એવી સંભાવના બને પરંતુ નારી તરફ જોવાનો દૃષ્ટિકોણ પુરૂષ પ્રધાન સમાજ બદલાય એ શક્ય નથી. પણ પા ભાગની સમજણ સ્પષ્ટ થશે તો મારે મન ઘણું છે!

'નારી' એટલે 'Woman' નારીજાતિ એવો અર્થ થાય. તે ઉપરાંત womankind, feminine, gender, femine જેવા શબ્દો સંશોધન ક્ષેત્રે પ્રચલિત છે. જેના મુખ્ય અર્થ તો સ્ત્રી જ થાય. જ્યારે feminity નામનો અર્થ ફક્ત સ્ત્રીત્વ જ થાય એવું જોવા મળે છે.

"ભગવદ ગોમંડળ"માં 'નારી' શબ્દના જુદા જુદા અર્થ મળે છે. જેમાં "નારી એક પ્રકારની જાતિ"[2]

"સાર્થ જોડણી કોશ પ્રમાણે, 'મહિલા, સ્ત્રી, નાર એવો અર્થ થાય છે."[3]

"સંસ્કૃત ભાષાના અમરકોશમાં પ્રસુતા, પ્રસુતિશ્ચ, પ્રજાતા જેવા અર્થ જોવા મળે છે."[4]

ગુજરાતી અંગ્રેજી કોશમાં નારી માટે Woman, female, feminine, female gender જેવા અર્થ પ્રાપ્ત થાય છે."[5]

---

[1] અથર્વવેદ

[2] ભગવરસિંહજી, 'ભગવદ ગોમંડળ' ભાગ-૫(નિતિ) પ્રવિણ પ્રકાશન પ્રા.લિ. રાજકોટ, પૃ. ૪૯૯

[3] નવભારત સાર્થ જોડણીકોશ, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, દ્વિ. આ. ૨૦૧૨, પૃ. ૪૬૩

[4] અમરસિંહ (અમરકોશ), સંસ્કૃત, શિવ બુક્સ ઈન્ટરનેશનલ, દિલ્હી, આવૃત્તિ-૧૯૯૮, પૃ. ૧૦૮

"ત્રિભાષાકોશ પ્રમાણે નારી એટલે નામર્દ effeminate, womanish, womanly જેવા ગૌણ અર્થ મળે છે."[6]

ભારતના મહાન યોગાચાર્ય પતંજલિ ઋષિએ નારીની વ્યાખ્યા આપતા કહ્યું છે કે, "સ્ત્રીના ગર્ભમાં પિંડ હોવાથી એ સ્ત્રી છે. તેઓ સ્ત્રી શબ્દની વ્યુત્પત્તિ આપતાં કહે છે કે, 'શબ્દ, સ્પર્શ, રસ, ગંધ ઇત્યાદિનો સમુચય એટલે સ્ત્રી, શબ્દ, સ્પર્શ, રૂપ ઇત્યાદિનું હરણ કે વહન કરનાર એટલે સ્ત્રી."[7]

મહર્ષિ વેદવ્યાસે 'શ્રીમદ દેવી ભાગવત'માં નારીનો મહિમા માતારૂપે ગાયો છે.

"या नत्र पक्ष्म परिसंचलन सम्यग।
विश्वं सृ जित्यवतिहन्ति निगुणभाव॥
शेषा करोति सतत द्रु हिग्यात।
च्युत ज्ञान्मातारफलने परिमूयमानान॥"

અર્થાત "અત્યંત ગૂઢ ભાવવાળા દેવી આંખના પલકારાથી જ આ જગતને સર્જે છે, પાળે છે, અને તેનો સંહાર કરે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જે અનેક અવતારો ધારણ કરે છે, તેની પાછળ આ દેવી કારણરૂપ છે."[8]

નારીની મહત્તા શબ્દોમાં વર્ણવી શકાય પણ તેનું આબેહૂબ ચરિત્ર ચિત્રણ ન કરી શકાય. ઘરસંસારમાં નારીની ઉણપ એટલે નરનું જીવન કોરી સીલેટ જેવું. ઘરની પરંપરા ટકાવવામાં નારીની ભૂમિકા સર્વોચ્ચ હોય છે. જો ઘરમાં કોઇ પણ પ્રકારની મુશ્કેલી આવે તો તેનો શ્રેય પણ નારી પર જાય છે. પરંતુ ઘર પરંપરાને જીવંત રાખવા આજે નારીની ખૂબ જ જરૂર છે, જ્યારે બીજી તરફ ફિલ્મ અને સિરીયલના માધ્યમોમાં સ્ત્રી જાત પોતાના અંગ પ્રદર્શન કરી સ્ત્રી જાતિની પરંપરાને લજ્જા લગાવે છે, તે પણ એક મોટી સમસ્યા છે. કદાચ પ્રશ્ન થાય કે આ બધુ પહેલાં હતું, પરંતુ તે સ્વીકાર્ય છે. તેની પાછળ તે બાબતની સમજણ અને જ્ઞાન હોય તો જ તે બાબત ઉપર ચર્ચા કરી શકાય. ફક્ત વોટ્સઅપ યુનિવર્સિટીનું માધ્યમ લઇને તેની ચર્ચા શક્ય નથી કારણ કે વ્યક્તિ પોતાની વાતને સમાજ પર કે વ્યક્તિ પર સ્થિર કરવા ઘણા-બધા ધમપછાડા કરે છે. પરંતુ તે વ્યક્તિ કેટલી શીલવાન છે, તે પ્રથમ સમાજે જોવું જોઇએ કારણ કે શીલ વગરનાં લોકો આજે રાજકીય અને સામાજિક સમરસતાના મોભી બની ચૂક્યા છે. તેની પાસેથી સમાજને કંઇજ વિશેષ મળવાનું નથી. નારી સ્વયં એક શક્તિરૂપ છે, માતા છે.

બૃહદસંહિતામાં વરાહમિહિર સ્ત્રી વિશે જણાવે છે કે "મને કહો કે કયો ગુનો સ્ત્રી કરે છે, જે પુરૂષ ના કરતો હોય? લગ્નમાં નૈતિકમૂલ્યોનું પાલન સ્ત્રી તેમજ પુરૂષ બંને ના કરે તો બંને સરખા ગુનેગાર છે. હકીકતમાં સ્ત્રી શાસ્ત્રો દ્વારા નિર્દેશિત આજ્ઞાનું પાલન કરવા પુરૂષો કરતા વધારે સજાગ છે, માટે સ્ત્રી એ પુરૂષ કરતાં ચઢિયાતી છે."[9]

ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાં પુત્રનો સ્વીકાર છે, પણ પુત્રી પ્રત્યેનો અણગમો નથી. પુત્રી જન્મ ટાળવા માટે વિધિવિધાનો કરાતા નથી, તે સ્પષ્ટ થાય છે. જ્યારે અથર્વવેદમાં પુત્રીજન્મ માટેનો અણગમો વ્યક્ત થાય છે. અથર્વવેદને ઋગ્વેદનું બીજું સ્વરૂપ ગણવામાં આવે છે. ઋગ્વેદથી અથર્વવેદ સુધી પહોંચતા જ વ્યક્ત થતો અણગમો છેક આજની 'સ્ત્રીભ્રૂણ હત્યા'ની સમસ્યા સુધી લંબાયેલો જોવા મળે છે. તેમાં પુત્રીજન્મ પ્રત્યેની ઘૃણા વ્યક્ત થાય

---

[5] પાંડુરંગ ગણેશ દેશપાંડે, ગુજરાતી-અંગ્રેજી કોશ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃ. ૫૨૫

[6] અનડા, સોનલ, 'ત્રિભાષાકોશ' અક્ષરા પ્રકાશન, તૃતીય આવૃત્તિ, ૨૦૦૦, પૃ. ----

[7] ભીમાણી મનોજ, 'આરપાર' દીપોત્સવી અંક, પૂર્વોક્ત, પૃ. ૧૮

[8] શાહ હેમરાજ, "દીકરી તો દીવડી", નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧, પૃ. ૭૫

[9] મહેતા શીરિન, 'ગુજરાતમાં નારી ચેતના', રંગદ્વાર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૯, પૃ. ૫૨

છે. અથર્વવેદમાં આવી પુત્રી જન્મને ટાળવા માટેની વિધિઓ પણ દર્શાવવામાં આવી છે. તેમાંની એક પ્રાર્થના આ પ્રમાણે છે, "હે દેવ આ ગર્ભસ્થ શિશુનું જતન કરજો, પરંતુ એટલી દયા દાખવજો કે તે શિશુ પુત્રી નહીં, પુત્ર જ હોય."[10]

સ્ત્રીની વેદોના ઇતિહાસમાં તેમની ભૂમિકા કઇ રહી છે તેનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. વેદો સિવાય વિવિધ સૂત્રોમાં પણ શિક્ષણ પ્રાપ્ત કરતી સ્ત્રીઓનું વર્ણન છે. તેમજ એ બાબતે હિન્દુ સિવિલાઇઝેશનના અભ્યાસુ એવા ડૉ. એ. એસ. અલતેકર પોતાના પુસ્તક 'ધ પોઝિશન ઓફ વુમન ઇન હિન્દુ સિવિલાઇઝેશન'માં નોંધે છે કે, "પ્રાચીન વિદ્યાર્થીનીઓ બ્રહ્મવાદિની અને સધ્યોવહાસ એ બે વિભાગમાં વહેંચાયેલી હતી. બ્રહ્મવાદિની આજીવન અભ્યાસી હતી, જ્યારે સધ્યોવહાસ લગ્ન થાય ત્યાં સુધી એટલે કે ૧૫-૧૬ વર્ષની ઉંમર સુધી ભણતી. અભ્યાસ પ્રાપ્તિના આઠ-નવ વર્ષના સમયગાળામાં આ વિદ્યાર્થીનીઓ વૈદિક મંત્રો અને વિધિઓ માટેની પ્રાર્થના શીખતી. બ્રહ્મવાદિનીઓ ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરતી. વેદ, ધર્મશાસ્ત્ર અને ફિલસૂફીનો અભ્યાસ કરતી. કેટલીક સ્ત્રીઓ પૂર્વમીમાંસાનો અભ્યાસ કરતી. આ વિજ્ઞાન સહેલું નહોતું. ગણિતના આટાપાટા કરતા પણ અઘરા એવા પૂર્વમીમાંસાના વિજ્ઞાનનું શિક્ષણ પ્રાપ્ત કરવા વૈદિક ક્રિયાઓ સાથે સંકળાયેલી સમસ્યાઓ સંબંધી વાદવિવાદ કરવો પડતો. મહાભાષ્યની નોંધ પ્રમાણે આ દરેક પરીક્ષાઓને પાર કરી ગયેલી. 'ક્રાસાક્રિત્સના' એ પૂર્વમીમાંસા પર આધારિત 'કાસાકિત્સની' નામની રચના તૈયાર કરી હતી. ત્યારપછી જે વિદૂષી મીમાંસામાં નિપુણ થતી, તેને 'કાસાકિત્સના'ની સન્માનનીય ઉક્તિ પ્રદાન કરવામાં આવતી."[11]

નારીની વિવિધતાના દર્શન અહીં થાય છે, જે નીચે મુજબ છે.

**૧. કન્યા :** અપરણીત છોકરી કે દીકરી એટલે કન્યા. આ શબ્દ ખૂબ પ્રચલિત છે. 'અમરકોશ'માં કન્યાના પર્યાય તરીકે 'ગોરી; અને 'નગ્નિકા' નામ જોવા મળે છે.

**૨. દુહિતા :** કન્યા પિતાને ઘેર ગાય દોહવાનું કામ કરતી એટલે તે 'દુહિતા' કહેવાઇ. પુત્રીના દૂર ચાલ્યા જવાથી જ પિતાને ચેન મળે છે, તે પિતાને પ્રસન્ન કરીને સદૈવ તેમની પાસેથી દોહે છે, માટે 'દુહિતા' કહેવાઇ.

**૩. સ્ત્રી :** નારી માટે સૌથી વધુ પ્રચલિત શબ્દ સ્ત્રી છે. 'સ્ત્રી' શબ્દનો પ્રયોગ તેની શરમાળ પ્રકૃતિને કારણે જ પ્રયોજાય છે. જો કે પતંજલિના મત મુજબ નારીને 'સ્ત્રી' એટલા માટે કહે છે કે તેના શરીરમાં ગર્ભની સ્થિતિ હોય છે.

**૪. નારી :** નારી શબ્દનો ઉલ્લેખ ઋગ્વેદમાં થયો નથી. પરંતુ બ્રાહ્મણ ગ્રંથમાં થયો છે. ઋગ્વેદમાં 'નૃ'નો પ્રયોગ વીરતાનું કામ કરવું, દાન આપવા તથા નેતૃત્વ કરવાના અર્થમાં થયો છે. 'નર' શબ્દનો પ્રયોગ વીર, દાન આપનાર તથ નેતાના રૂપમાં પ્રયોજાયેલો છે. સ્ત્રીનું 'નારી' નામ પણ આ વિશિષ્ટતાઓને કારણે જ પડ્યું તેમ કહી શકાય.

**૫. મેના :** ઋગ્વેદમાં 'મેના' શબ્દ 'નારી' અર્થનો પર્યાયવાચી શબ્દ છે. થાસ્કના મતે પુરૂષ તેમનો આદર કરે છે એટલે સ્ત્રીઓને મેના કહે છે.

**૬. ગ્ના :** ઋગ્વેદમાં 'ગ્ના' નારીના અર્થનો બોધક છે. દુર્ગાચાર્યો ભાવ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે સ્ત્રીને 'ગ્ના' એટલા માટે કહે છે કે પુરૂષ સંસર્ગની કામનાથી પાસે આવે છે, ગમન કરે છે.

---

[10] મચ્છર, ડૉ. કલ્પના, જ્ઞાનમંદિર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૩, પૃ. ૨૩

[11] મચ્છર, ડૉ. કલ્પના, જ્ઞાનમંદિર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૩, પૃ. ૨૫

**૭. અબળા :** સ્ત્રીની શારીરિક સંરચનાને ધ્યાનમાં રાખી તેને 'અબળા' કહે છે. કારણ કે નારીમાં પુરૂષ જેટલું બળ હોતું નથી, પણ ઋગ્વેદમાં કહેવાયું છે કે નારીની માનસિક સ્થિતિ ગજબની હોય છે.

**૮. પ્રમદા :** પ્રમદા શબ્દનો ભાવ 'હર્ષ' છે. નારીનો સ્વભાવ હર્ષિત, પુલકિત હોવાના કારણે તેને 'પ્રમદા' કહે છે.

**૯. લલના :** 'સ્ત્રી'માં લાલસા, ઈચ્છા અને ચાહ પ્રબળ હોય છે. એથી તેને 'લલના' કહેવાય છે.

**૧૦. માનિની :** 'સ્ત્રી' માનપ્રિય હોય છે, તે રિસાય છે એટલે 'માનિની' કહેવાય છે. સ્વાભિમાન, આત્મસન્માનની ભાવનાનાં કારણે પણ તેને માનિની કહેવાય છે.

**૧૧. સુંદરી** : સ્ત્રીના સૌંદર્યથી પુરૂષનું હૃદય શિથિલ બને છે. ચિત્ત દ્રવી ઉઠે છે. ઋગ્વેદમાં તેને માટે 'સૂનર' શબ્દનો ઉપયોગ થયો છે. તેનો અર્થ 'શોભાવાળી સુંદરી' થાય છે.

**૧૨. મહિલા :** 'મહ'નો અર્થ પૂજા થાય છે. પૂજ્યા હોવાના કારણે સ્ત્રીને 'મહિલા' કહે છે.

**૧૩. વામા :** 'સ્ત્રી' માટે પ્રયુક્ત અન્ય પર્યાય 'વામા' છે.

**૧૪. જાયા :** નારીના પ્રત્ની સ્વરૂપ માટે 'જાયા' શબ્દ પ્રચલિત છે. 'જાયા' એટલા માટે કે પુરૂષ સ્વયં તેનામાં પુત્રરૂપે જન્મે છે. ઋગ્વેદના નિર્દેશ 'જાયેદસ્તમ' પ્રમાણે 'જાયા' જ ઘર છે. પુરૂષનું આશ્રય સ્થાન છે.

**૧૫. માતા :** ઋગ્વેદમાં 'માતૃ' શબ્દ માન અને તૃરાથી બનેલો છે. માનનો અર્થ આદર છે, તેથી તેને 'માતૃ' શબ્દ આદરણીય પૂજનક તરીકે ગણ્યો છે.